# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# પ્રવચન નં: ૨, દેવલાલી, તા.૨૫/૪/૮૭
# સમયસાર, મોક્ષ અધિકાર, ગાથા ૨૯૭

Version 1

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો મોક્ષ નામનો અધિકાર છે. ગાથા ૨૯૭ ચાલે છે. તેમાં મોક્ષનો માર્ગ મોક્ષનું કારણ છે. અને મોક્ષના માર્ગનું કારણ ભેદવિજ્ઞાન છે. ભેદવિજ્ઞાન શું? મોક્ષનો માર્ગ શું? અને મોક્ષ શું? મોક્ષ એટલે પૂર્ણ આનંદની દશા. અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયઆનંદ એવી પૂર્ણ દશા પ્રગટ થાય-અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એવી પરિપૂર્ણ અવસ્થાનું નામ મોક્ષ દશા છે. અને એ મોક્ષનું કારણ મોક્ષમાર્ગ છે. મોક્ષ છે પરિપૂર્ણ દશા છે આનંદની અને તેનું કારણ મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે કે વીતરાગમાર્ગ. અને એ વીતરાગભાવ પ્રગટવાનું કારણ ભેદવિજ્ઞાન છે.

ભેદવિજ્ઞાન એટલે જે વર્તમાન પુણ્ય ને પાપની લાગણીનું ઉત્થાન થાય છે, તેવી બહિર્મુખ વૃત્તિમાં ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ એવા જે વિકૃત ભાવો ઉત્પન્ન થાય છે. તેનાથી ભિન્ન ચિદાનંદ આત્મા એ ચેતનારો છે પણ પુણ્ય-પાપને કરનારો નથી. અનાદિ-અનંત આત્માનું સ્વરૂપ જ એવું છે કે એક સમય માત્ર પણ આત્મા જેને આત્મા કહેવામાં આવે એવો જે શુદ્ધાત્મા એ પુણ્ય ને પાપના પરિણામને કરનારો નથી.

આજ દિવસ સુધી જે આત્માએ પુણ્ય ને પાપના પરિણામ કર્યા નથી એવો જે શુદ્ધાત્મા તેનું અવલંબન લેતાં મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. પુણ્ય ને પાપના પરિણામ પર્યાયમાં, અવસ્થામાં મલિનભાવ ભલે અનાદિના હોય પણ તેનો ઉત્પાદક તેનો કર્તા આત્મા નથી. કેમકે આત્મામાં પુણ્ય ને પાપના પરિણામને કરવાની આત્મામાં કોઇ શક્તિ નથી, કે જે તેની રચના કરે. એવો જે શુદ્ધાત્મા તે અકારક અને અવેદક, અકર્તા ને અભોકતા તે માત્ર ચેતનારો છે. ચેતનારો છે પણ કરનારો નથી.

એ પુણ્ય ને પાપના પરિણામ ભલે સંયોગમાં હોય પણ ભગવાનઆત્મા તેનો કરનાર નથી. તેનાથી ભિન્ન આત્મા છે. રાગાદિ પરિણામથી આત્મા શુદ્ધાત્મા ચેતનારો, દેખનારો, જાણનારો, જ્ઞાનમય આત્મા રાગમય એવા જડભાવથી ભિન્ન છે. તેથી જડભાવને કરનારો નથી. એ તો ચેતનારો, જાણનારો, દેખનારો છે. પણ અનાદિકાળથી ભેદજ્ઞાનનો અભાવ હોવાને કારણે જાણે આ રાગાદિભાવ મારા છે અને હું તેનો છું એમ અનાદિકાળથી પુણ્ય ને પાપનો સ્વામી થઇ બેઠો છે. પરિણામ બીજાના છે, પરિણામ જીવના નથી. જીવમાં જ્ઞાન થાય છે અને એ જ્ઞાનથી પુણ્ય ને પાપ ભિન્ન છે. એ પુણ્ય-પાપ જ્ઞાનમાં જણાય ખરા પણ જ્ઞાનમાં આવે નહીં.

એ પુણ્ય-પાપથી ભિન્ન આત્મા, આચાર્યભગવાન કહે છે કે એ રાગથી પણ ભિન્ન પાડવાનું સાધન પ્રજ્ઞાછીણી છે. પ્રજ્ઞા એટલે અંતરમુખ જ્ઞાન કે જે જ્ઞાનમાં જ્ઞાયક જણાય, અનુભવમાં આવે, ત્યારે તે રાગની એકતાબુધ્ધિ તોડી અને અનુભવ થાય તેને પ્રજ્ઞા કહેવામાં આવે છે.

તો એ પ્રજ્ઞા એટલે અંતરમુખ જ્ઞાન દ્વારા, ભેદજ્ઞાન દ્વારા, ભેદજ્ઞાન દ્વારા એટલે અભેદના અનુભવ દ્વારા, ભેદજ્ઞાન એટલે અભેદનો અનુભવ. ભેદનો અનુભવ નહીં. ભેદનું લક્ષ છોડીને અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ આત્મા

છે તેને અંતરમાં લઇને જાણે અનુભવે તેનું નામ પ્રજ્ઞાછીણી છે. અને તેના દ્વારા મારો આત્મા પુણ્ય-પાપથી ભિન્ન છે એવું ભાન થાય છે ગૃહસ્થઅવસ્થામાં ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે છે.

હવે તે પ્રજ્ઞા વડે આત્મા અને આસ્ત્રવને જુદા કર્યા. બંધનું લક્ષણ રાગ, રાગ એટલે આસ્ત્રવ. આસ્ત્રવના બે ભેદ. પુણ્યાસ્ત્રવ અને પાપાસ્ત્રવ બે પ્રકાર પડે છે. એનાથી ભિન્ન આત્માને જુદો કર્યો અને જાણ્યો. શ્રધ્ધા-જ્ઞાનમાં લીધો કે મારો આત્મા તો ચેતનારો છે. આ પુણ્ય-પાપનો કરનારો નથી. એમ પ્રજ્ઞા વડે, જ્ઞાન વડે ભેદજ્ઞાન કરીને અભેદનો અનુભવ કર્યો.

ત્યાર પછી શિષ્ય પ્રશ્ન કરે છે કે એવો ભેદજ્ઞાન દ્વારા રાગથી જુદો પાડીને ચિદાનંદ આત્માને અનુભવ્યો. હવે એ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહવો કેવી રીતે? પ્રજ્ઞાથી તો રાગને ભિન્ન પાડી દીધો. હવે એ આત્મા જે લક્ષમાં આવ્યો તેને પ્રજ્ઞા વડે એટલે જ્ઞાન વડે એટલે ઉપયોગ વડે કેવી રીતે ગ્રહણ કરવો એટલે કેવી રીતે જાણવો? શ્રધ્ધામાં લીધેલો આત્મા તેને હવે કેવી રીતે મારે જાણવો? શ્રધ્ધામાં આવી ગયો છે પણ હવે કૃપા કરીને મને જાણવાની વિધિ બતાવો. શ્રધ્ધા તો પ્રગટ થઇ ગઇ પણ હવે તેને જાણવો કેવી રીતે? ફરી ફરીને અનુભવવો કેવી રીતે? એવો એક ચારિત્રનો પ્રશ્ન શિષ્યનો ઉત્પન્ન થયો છે.

આ ચારિત્રદશા કેમ થાય તેની વાત ચાલે છે. ત્યારે આચાર્યભગવાને શોર્ટમાં ટૂકામાં ઉત્તર આપ્યો. કે જે સાધન વડે તે રાગથી આત્માને જુદો પાડયો તે જ સાધન પ્રજ્ઞા વડે આત્માને ગ્રહવો. હવે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહવો, એમ ગ્રહવો, એમ જાણવું કે જ્ઞાન વડે એમ જાણવું અનુભવવું કે જે ચેતનારો છે તે હું છું. જે જાણનારો છે તે હું છું. અનાદિ-અનંત આત્મા જાણનાર જાણનાર દેખનાર દેખનાર એવો એક ત્રિકાળી સ્વભાવ છે ચેતનારો આત્મા જેમાં ચૈતન્ય રહેલું છે. એમાં રાગ નથી, દ્વેષ નથી, (કાલ્પનિક) સુખ નથી, દુઃખ નથી, આઠ કર્મ નથી, શરીર નથી. કોઇ જગતના પદાર્થ તેની અસ્તિમાં નથી.

એ તો જ્ઞાન અને આનંદથી ભરેલો આત્મા ચેતનારો છે એ એમ ગ્રહણ કરવો, એમ જાણવો કે હું ચેતનારો છું. જે ચેતક છે તે આ હું છું. અને બાકીના બધા ભાવો જે રાગાદિ છે. પાંચમહાવ્રત આદિના ભાવો તે બધા મારાથી ભિન્ન છે. મારું લક્ષણ અને રાગનું લક્ષણ મળતું આવતું નથી. તે અણમળતા ભાવો છે. મારા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં ચેતના છે અને પાંચ મહાવ્રતના પરિણામ જે પ્રગટ થાય છે તેમાં ચેતનાલક્ષણનો અભાવ છે. જેમાં ચેતના લક્ષણ નથી તે મારા ભાવો નથી. મારાથી બાહ્ય છે. એવું ભેદજ્ઞાન કરીને અનુભવ કર્યો અને આત્મા દષ્ટિમાં લીધો. હવે ફરીને તે શુધ્ધોપયોગ દ્વારા આત્માને... પ્રતીતમાં આવ્યો. હવે શુધ્ધોપયોગ દ્વારા આત્માને કેવી રીતે અનુભવવો? કેવી રીતે ધ્યેયનું ધ્યાન કરવું? ધ્યેય શુદ્ધાત્મા છે. ચેતનારો. તેનું ધ્યાન કેવી રીતે કરવું? એનો આચાર્યભગવાન ઉત્તર આપતાં કહે છે કે જ્ઞાનની પર્યાય વડે આત્મા જાણી શકાતો નથી. જ્ઞાનની પર્યાયનો જે ભેદ છે કે શ્રુતજ્ઞાન વડે હું આત્માને જાણું છું. તો કહે છે કે શ્રુતજ્ઞાન એક સમયની ભેદ પર્યાય છે. તેના વડે આત્માને જાણતાં એટલો ભેદ પડયો. આના વડે આને જાણવું. જ્ઞાનની અવસ્થા વડે જ્ઞાયકને જાણવો. સમજાવવા માટે એ વાત સાચી છે. કહેવા માટે એ વાત સાચી છે. કે રાગ વડે તો જાણી શકાતો નથી પણ જ્ઞાન વડે આત્મા જાણી શકાય છે. કહેવા માટે તો એ વાત બરાબર છે. પણ એટલું કથન આવ્યું તેમાં ભેદ ઉત્પન્ન થઇ ગયો. આહાહા!

જ્ઞાન વડે, ઉપયોગ વડે આત્માને જાણવો એટલો તેમાં ભેદ પડતાં ભેદના લક્ષે જે વિકલ્પ ઉત્પન્ન થાય

છે, તેમાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી. માટે જ્ઞાન વડે એ સમજાવવા માટે કહ્યું હતું. હવે તું તેને ગૌણ કરી નાખ. એ ગૌણ કરીને આત્મા વડે આત્મા જણાય છે. આત્મા વડે, આત્માથી, આત્માને માટે, આત્મામાં, આત્માને આધારે આત્મા જણાય છે. એટલું સમજાવ્યું, એટલું સમજાવ્યું તેમાં પણ કારકના ભેદ પડે છે. કર્તા પણ આત્મા, કરણ આત્મા, કર્મ આત્મા, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ આત્મા. પર્યાયના ષટ્કારકથી તો આત્મા અનુભવમાં આવતો નથી પણ પર્યાય પરિણત જે આત્મા તેમાં પણ ભેદ પડે છે કે આત્મા આત્માને જાણે છે. આત્મા આત્માને જાણે છે તેમાં પણ આત્મા જણાતો નથી.

એકદમ ઊંચા પ્રકારની વાત છે. આહાહા! આ તો મહાવિદેહક્ષેત્રમાંથી આવેલી વાત કુંદકુંદભગવાને ઝીલી અને આપણા માટે આ માલ લઇ આવ્યા. આહાહા! અને આપણા માટે આ શાસ્ત્રો લખ્યા છે. પ્રભુ! તું સાંભળ! તું બહારની ક્રિયા, પુણ્યની ક્રિયાથી ધર્મ માની રહ્યો છો કે પુણ્યથી ધર્મ થાય એ તો મોટું પાપ છે. પુણ્ય પોતે પાપ નથી. પણ પુણ્યથી ધર્મ માનવો તેનું નામ પાપ છે. પુણ્યના પરિણામ તો સાધકને પણ હોય, આવે. પણ પુણ્યથી ધર્મ સાધક માનતો નથી. અજ્ઞાની જીવ પુણ્યના પરિણામથી ધર્મ માને છે એ તો મોટું અજ્ઞાન છે. પુણ્યના પરિણામ, રાગના પરિણામથી તો આત્મા અનુમાનમાં પણ આવતો નથી તો અનુભવની વાત તો (કયાંય દૂર રહી.) આહાહા! એ તો જડભાવ અચેતન છે. એ તો સ્વભાવનો અંશ પણ નથી. એ તો પુદ્ગલનો જ અંશ છે. કર્મકૃત ભાવ છે, ભાઇ! જીવકૃત (ભાવ નથી). એટલે એની વાત તો દૂર રહો.

પણ જે ઉપયોગ આત્માનું લક્ષણ છે અને આત્મા લક્ષ છે. સાકર ગળપણ છે તેને લક્ષણ કહેવાય અને સાકરને લક્ષ કહેવાય. લક્ષણ લક્ષને પ્રસિદ્ધ કરે લક્ષણ લક્ષને પ્રસિદ્ધ કરે, કે ગળી તે સાકર, કડવું તે અફીણ, ખાટું તે લીંબુ ઇત્યાદિ. એમ કહે છે કે ઉપયોગલક્ષણ વડે પણ આત્મા અનુમાનમાં આવે છે પણ અનુભવમાં આવતો નથી. રાગ વડે તો અનુમાનમાં પણ આવતો નથી પણ ઉપયોગલક્ષણ વડે આત્મા ચેતનારો છે, જાણનારો છે, દેખનારો છે એમ ખ્યાલમાં આવી શકે છે. ખ્યાલમાં લઇ શકાય છે. પણ તે અનુમાનમાં આવી શકે છે. ભેદ દ્વારા અભેદ અનુમાનમાં આવે. ભેદ દ્વારા અભેદ વસ્તુ અભેદનો ભેદ-અભેદનો ભેદ હોવાથી ભેદ દ્વારા અભેદ અનુમાનમાં આવે પણ જે અભેદનો ભેદ નથી તેના દ્વારા તો આત્મા અનુમાનમાં પણ આવી શકતો નથી. એ તો સમ્યક્‌ની સન્મુખ પણ નથી. પણ જ્ઞાન વડે, પર્યાય વડે હું દ્રવ્યને જાણું છું. આહાહા! જ્ઞાનની પર્યાય એ આત્માના પરિણામ છે. આત્માના પરિણામ વડે આત્માને જાણું છું. કહે બાપુ! ભેદ પડયો. આહાહા!

આત્મા અને આત્માના પરિણામ એકમાં બે પ્રકાર તે પાડયા. એ ભેદથી પણ વિકલ્પની ઉત્પત્તિ થાય છે પણ શુદ્ધાત્માની પ્રાપ્તિ થતી નથી. પછી આગળ વધીને આચાર્યભગવાન એમ કહે છે કે આત્મા વડે આત્મા જણાય છે. પોતે પોતાને જાણે છે. સેટિકાની ગાથામાં આવ્યું છે કે પોતે પોતાને જાણે છે એ પણ સ્વસ્વામીસંબંધનો અંશ છે એ વ્યવહારથી સાધ્યની સિધ્ધિ થતી નથી. આત્મા આત્માને જાણે છે. પોતે પોતાને જાણે છે. પોતે પરને જાણે છે એ માન્યતા તો અજ્ઞાનમાં જાય છે. એ તો જ્ઞાનમાં આવતું નથી. પણ આત્મા આત્માને જાણે છે, આત્મા વડે હું આત્માને જાણું છું, આત્માથી આત્માને જાણું છું, આત્મા માટે આત્માને જાણું છું, આત્મામાંથી આત્માને જાણું છું એમ આત્મા એક હોવા છતાં તેના બે ભાગ પાડયા તેથી તેને વિકલ્પની જાળ ઊભી થાય છે પણ અનુભવ થતો નથી. માટે હવે, ત્યાં સુધી કાલે આપણે આવ્યા હતા. હવે તેનાથી આગળ એક છેલ્લી વાત છે. કોઇને એમ લાગે કે ઉતાવળથી જલ્દી કહી દયો તો હવે કાંઇ બાકી નથી. આ એક બાકી

છે. થોડુંક એક બાકી છે. એ જો નજરમાં આવી જાય તો અહીં બેઠા બેઠા અનુભવ થાય. બહાર નીકળવાની જરૂર નથી. એ શું છે મર્મ? એ હવે આચાર્યભગવાન ફરમાવે છે.

**નથી ચેતતો થકો ચેતતો**, નથી ચેતતો થકો ચેતતો. એટલે નથી જાણતો થકો જાણતો. નથી દેખતો થકો દેખતો. છે તો બધું દેખવાનું ને જાણવાનું અંદર. બહારની વાત અહીંયાં કાંઇ છે નહીં. અહીંયાં કર્મ, રાગને જાણવાની, દેખવાની વાત તો છે જ નહીં. પણ આત્માને દેખવા માટે ભેદ જેટલો પડે છે તેમાં પણ આત્માનો અનુભવ થતો નથી, મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી. મોક્ષમાર્ગ પ્રગટ થાય તો મોક્ષ થાય. વિકલ્પની જાળ એ તો બંધ માર્ગ છે. બે પ્રકારના છ પ્રકારના કારકના ભેદ પડે છે તેમાં અનુભવ થતો નથી.

આ સમયસારમાં કર્તા-કર્મ અધિકારની ૭૩ નંબરની ગાથા છે. તેમાં શુદ્ધના બોલમાં એમ લીધું કે આ આત્મા એક છે, શુદ્ધ છે, મમત્વહીન ને જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ. કહે છે કે આ આત્મા શુદ્ધ છે એટલા માટે કે સર્વ પ્રકારની કારકોની પ્રક્રિયાથી પાર ઉતરેલી નિર્મળ અનુભૂતિમાત્ર સ્વભાવ હોવાથી આત્મા શુદ્ધ છે. આત્મા પરપદાર્થને તો કરતો ભોગવતો નથી. એવી તો પ્રક્રિયા આત્મામાં છે જ નહીં છતાં એમ માને કે હું પરને કરું, પરને સુખી-દુઃખી કરું, આહાહા! એ તો તદ્દન સ્થૂળ અજ્ઞાન છે. એવું કર્તાપણું આત્મામાં નથી. આત્મામાં એવું કર્તાપણું નથી કે કર્મને બાંધે અને કર્મને ભોગવે એવું કર્તાપણું નથી. આત્મામાં એવું કર્તાપણું નથી કે પુણ્ય-પાપને કરે. એવું કર્તાપણું આત્મામાં નથી. આત્મામાં એવું કર્તાપણું નથી કે વીતરાગભાવને કરે. આહાહા! સૂક્ષ્મ વાત છે. આહાહા! જબલપૂરવાળા આવ્યા હતા ને? જબલપૂરવાળા નહીં ભૂંસાવળવાળા એમણે ન કહ્યું કે બહુ જ સૂક્ષ્મ વાત છે અહિયાં સમજવા જેવી.

એ ભગવાન આત્મા છે એ શુદ્ધ એટલા માટે છે કે અકર્તા છે માટે શુદ્ધ છે. હવે અકર્તા છે માટે શુદ્ધ છે એ બતાવવા માટે એમ કહ્યું કે સર્વ પ્રકારના કારકો.., કાઢો ૭૩ નંબરની ગાથા. આપણે સાક્ષી છે. શાસ્ત્રનો આધાર. કર્તાબુધ્ધિ છૂટયા વિના કાંઇ ભવનો અંત આવે એવું નથી. જ્ઞાતા છે, કર્તા નથી ભાઇ! આત્માને કર્તા માનવો એ તો મોટી ભૂલ છે. જુઓ! શુદ્ધનો બોલ છે. હું શુદ્ધ છું. આત્મા શુદ્ધ થતો નથી. શુદ્ધ છે. શુદ્ધ થાય છે એ પરિણામ થાય છે. શુદ્ધ થાય છે એ પરિણામ થાય છે.

એ શુદ્ધ થાય છે એ પરિણામમાં શુદ્ધતા થાય છે. મોક્ષ છે એ પરિણામ છે. પૂર્વકાળમાં એ પરિણામમાં બંધ હતો એ બંધનો અભાવ થઇને જીવનો મોક્ષ થાય છે. જીવનો મોક્ષ થાય છે અર્થાત્ જીવના પરિણામનો મોક્ષ થાય છે. જીવનો મોક્ષ થાય છે એ શોર્ટ વાકય છે. ટૂંકાણ. સમજયા? જીવ બંધાયેલો હતો હવે જીવનો મોક્ષ થઇ ગયો. એમ કથનમાં તો એમ આવે છે. પણ ખરેખર તો જીવ બંધાણો નહોતો. એ પરિણામમાં બંધ હતો. એ પરિણામમાં મોક્ષ થઇ ગયો તો કહેવાય છે કે જીવનો મોક્ષ થઇ ગયો. ખરેખર તો મોક્ષ પરિણામનો થાય છે.

ભગવાન આત્માનો બંધ પણ નથી અને મોક્ષ પણ નથી. એ તો ત્રિકાળ મુકત છે. આહાહા! પરમાત્મા બિરાજમાન અત્યારે મુકત છે. મુકત દશા નથી. બંધ દશામાં પણ મુકત રહે છે. બંધ દશા થવા છતાં પણ તે ભગવાનઆત્મા મુકત જ છે. મિથ્યાત્વની તીવ્ર અવસ્થા હો ગ્રહિત તથા અગ્રહિત બંને ભલે, એવી અવસ્થાના કાળમાં પણ ભગવાનઆત્મા તો શુદ્ધ જ છે. એ તું જોઇ લે. દેખાય છે કે પરિણામની મધ્યમાં રહેવા છતાં પણ આત્મા સ્ફટિકમણી જેવો શુદ્ધ છે. આહાહા! તેને જોઇ લે. પરિણામને ન જો. પરિણામને જોવાના બંધ કરી દે એક

ક્ષણભર. પરિણામના જે ભેદ છે ને તેની દષ્ટિ બંધ કરી દે. ઓહોહો! ત્યાંથી દષ્ટિ હટાવી લે. લક્ષ હટાવી દે. પરિણામની મધ્યમાં એ ભગવાનઆત્મા બિરાજમાન છે તેને લક્ષમાં લઇ લે. આહા! એક સમય માટે તો લક્ષમાં લે કે જાણનારો જણાય છે, બીજું કાંઇ જણાતું નથી. આહાહા!

એમ આચાર્યમહારાજ ફરમાવે છે, કે હું શુદ્ધ છું તેનું કારણ આપે છે. શુદ્ધનું કારણ શું? કે આત્મા પરનો કર્તા નથી એટલે શુદ્ધ છે. આત્મા શરીરનો કર્તા નથી એટલે શુદ્ધ છે, આત્મા વાણીનો કર્તા નથી એટલે શુદ્ધ છે, આત્મા આઠ કર્મનો કર્તા નથી એટલે શુદ્ધ છે, આત્મા પુણ્ય-પાપનો કર્તા નથી એટલે શુદ્ધ છે, આત્મા સંવર, નિર્જરા, મોક્ષનો કર્તા નથી એટલે આત્મા શુદ્ધ રહી ગયો. શુદ્ધ પર્યાયનો કર્તા નથી એટલે આત્મા શુદ્ધ છે.

તો કહે કે શુદ્ધ પર્યાય તો કરવી જોઇએ ને ભાઇ! કરવું જોઇએ કે થાય છે તેને જાણવું જોઇએ? થવા યોગ્ય થાય છે તેને જાણનાર છે કે નથી થતું તેને કરવું છે? થાય છે તેને કરવું છે? નથી થતું તેને કરી શકતો નથી. અને સ્વયં થાય છે તે કર્તાપણાની અપેક્ષા રાખતું નથી. એ તો પરિણામ તો થઇ ગયા. આહાહા! બહુ જ ઊંચી ગાથા છે. આહાહા! છેલ્લો દિવસ છે. આહાહા! આ હરખ જમણ છે. ઊંચી વાત છે. ગુરુદેવ કહેતાં કે હરખજમણ.

ભગવાન એક વખત તારી વાત તો સાંભળ! તારી કથા ભગવાન કહે છે. ભગવાન ભગવાનની કથા કહે છે. ભગવાન થઇને ભગવાનને બતાવે છે. એમ શાસ્ત્ર ભણીને આત્માની વાત નથી કરતા. પ્રત્યક્ષ અનુભવ કરીને (આત્માની વાત કરે છે.) મુનિરાજ નિરંતર આનંદનું ભોજન કરવાવાળા, પ્રચુર આનંદનું ભોજન કરે છે. જંગલમાં રહેવાવાળા. એ ધર્માત્મા કહે છે. પ્રભુ! આત્મા તો જ્ઞાતા છે ને! કર્તા છે નહીં. કર્તા નથી એટલે શુદ્ધ રહી ગયો. એટલે કે અકર્તા છે એટલે શુદ્ધ રહી ગયો.

તો કોના કર્તા નથી? કે પરના કર્તા નથી, કર્મના કર્તા નથી, રાગના કર્તા નથી. અહીં સુધી તો ઠીક છે. અહીં સુધી તો... આવું આવું (હા) થાય છે. અહીં સુધી તો ઠીક છે. પણ વીતરાગભાવનો કર્તા નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામના, નિશ્ચય મોક્ષમાર્ગના કર્તા નથી. આમ (હા પાડવાની હિંમત)ન આવે. ભલે આમ (હા પાડવાની ચેષ્ટા) ન આવે પણ આમ (ના પાડવાની ચેષ્ટા) ન કરવી. શું કીધું? સમજ ન આવે ત્યાં સુધી આમ (હા પાડવાની ચેષ્ટા) ન કરવું. પણ પરિણામના શુદ્ધપરિણામના આત્મા કર્તા નથી એ વાત કોઇ બતાવે તો આમ (ના) ન કરવું. અને સમજયા વિના (હા) ન કરવી. થોડી વાર આમ રાખવું. આ શું વાત છે? શુદ્ધ પર્યાય તો કરવા જેવી ચીજ છે. કરવા જેવી છે કે થાય છે તેને જાણનાર છે આત્મા?

આત્મા કરનાર છે કે જાણનાર છે? જાણનાર છે માટે આત્મા બંધ-મોક્ષનો કર્તા નથી. તો કોણ કરે છે એ વાત જરા સૂક્ષ્મ છે. પણ આટલી વાત તો સાંભળો!

મુમુક્ષુ :- એ પણ તમે બતાવો.

ઉત્તર :- અચ્છા! બંધ-મોક્ષનો કર્તા કેમ નથી? કે આત્માથી બંધ-મોક્ષ ભિન્ન છે. તેથી આત્મા બંધ-મોક્ષનો કર્તા નથી. એમાં શિષ્યને પ્રશ્ન ઉઠયો કે બંધ-મોક્ષનો કર્તા ભલે આત્મા ન હોય પણ બંધ-મોક્ષ કાર્ય તો છે કે નહીં? પરિણામ તો થાય છે કે નહીં? હા, પરિણામ તો થાય છે.

શિષ્ય પૂછે છે પ્રભુ! અમને એ પરિણામનો કર્તા બતાવો. તો અમે અકર્તા માની લઇએ. તો આચાર્યભગવાને કરુણા કરીને કહી દીધું. ખુલ્લે ખુલ્લુ કહી દીધું કે તેનો કર્તા પુદ્દગલ કર્મ છે. આત્મા કર્તા છે

નહીં. બંધમાં સદ્‌ભાવ વર્તે છે અને મોક્ષ પર્યાય થાય છે તેમાં અભાવ કારણ છે, અભાવ કર્તા છે. અભાવથી થાય છે. આત્માના સદ્‌ભાવથી મોક્ષ નથી થતો. આત્મા તો પ્રથમથી જ હતો. આહાહા! જયારે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મનો ક્ષય થાય છે તો મોક્ષ થાય છે.

આત્માથી મોક્ષ થતો હોય તો સીમંધરભગવાન કરી દયે. અત્યારે દેવલાલીથી બધા સાથે મળીને વિનંતી કરે સાથે મળીને વિનંતી કરે કે હે પ્રભુ! આપને તો અનંતજ્ઞાન પ્રગટ થઇ ગયું, અનંતવીર્ય પણ પ્રગટ થઇ ગયું, આપનું અત્યારે તેરમું ગુણસ્થાન છે, આપની વાણીમાં પણ એવું આવ્યું કે તેરમું ગુણસ્થાન તે પણ સંસાર છે. તો પ્રભુ! અમારા અરિહંત ભગવાનને ભલે ઉપચારથી સંસારી કહ્યા પણ અમારાથી એ સહન થતું નથી. અમારી એવી એક વિનંતી છે કે આપ મોક્ષ કરી દયો. આહાહા! સારું કામ. શું? તેરમા ગુણસ્થાને અરિહંત છે ને? મોક્ષ તો ગુણસ્થાનાતીત એ અપૂર્વ દશા આપ કરી દયો. તો ત્યાંથી ઉત્તર આવે છે કે તારો પ્રશ્ન અવિવેક અને મૂર્ખાઇ ભરેલો છે.

આત્માને તું કર્તા માને છે તો તારો અભિપ્રાય મારા સુધી સ્થાપી દીધો? આહાહા! તું તારા આત્માને કર્તા માને છે તો મને પણ કર્તા સ્થાપી દીધો! અરે! તું પણ અકર્તા છે ને હું પણ અકર્તા છું. એટલે હું મોક્ષની પર્યાયને કરવાવાળો નથી. હું જાણવાવાળો છું. આહા! કરવાવાળો નથી. કરવું મારા સ્વભાવમાં નથી, જાણવું એ મારા સ્વભાવમાં છે. તો જયારે મોક્ષ થશે ને! મોક્ષ કયારે થશે તે પણ જ્ઞાનમાં આવી ગયું. માટે આત્મા કર્તા નથી. ખ્યાલ રાખજો. શું કહ્યું?

અહીં તેરમા તીર્થંકર પરમાત્મા થશે, આવતી ચોવીસીમાં. નરેન્દ્રભાઇ! આવતી ચોવીસીમાં તીર્થંકર પરમાત્મા થશે. તેમાં પહેલા તીર્થંકર શ્રેણિક મહારાજા થવાના પહેલા તીર્થંકર. તો જયારે તેરમા તીર્થંકરનો અહીં પ્રાદુર્ભાવ થશે ત્યારે તેનો મોક્ષ થશે. તેના જ્ઞાનમાં આવી ગયું. પહેલેથી જ્ઞાનમાં આવી ગયું. પહેલેથી જ્ઞાનમાં આવી ગયું અને આજ તે મોક્ષને કરે તો કેવળજ્ઞાન ખોટું ઠરે. અને પર્યાયનું સત્ પણ ખોટું ઠરે. અને આત્મા કર્તા બને તો.. આહાહા! જીભ નથી ઉપડતી. આહાહા!

એવું વસ્તુનું સ્વરૂપ છે. કોઇ તત્ત્વનો અભ્યાસ ઊંડાણથી કરે નહીં... આહાહા! અને નિશ્ચયની વાત બહાર આવે કે એ બંધ-મોક્ષનો કર્તા કોણ છે? તો કહે પુદ્‌ગલ કર્તા છે. રાગનો કર્તા કોણ છે? પુદ્‌ગલ કર્મ તેનો કર્તા છે. એવી નિશ્ચયની વાત સાંભળીને કોઇ પોતાના દોષથી સ્વચ્છંદી થઇ જાય તો થઇ જાવ. આહા! પણ તત્ત્વ તો એવું જ છે. ઊંધા પડે તો તેની પ્રજ્ઞાથી ઊંધા પડે છે. આહાહા! નિશ્ચયની વાત સાંભળીને કોઇ કોઇ નિશ્ચયાભાસી પણ થઇ જાય છે. નથી થતાં એવું નથી. આહાહા!

પ્રભુ! એ શિકાર, માંસાહાર, દારૂ, પરસ્ત્રીગમન, વ્યભિચાર એ બધા નરકના ભાવ છે. એમાં મોક્ષમાર્ગ છે નહીં. પુણ્ય પણ નથી એકલું પાપ છે અને મનુષ્યભવ પણ મળવાનો નથી. નરકમાં સીધા જશે. હિંસા, જૂઠ, ચોરી, શિકાર, પરસ્ત્રીગમન એવું બધું સાત વ્યસનમાં આવે છે. આહાહા! પ્રભુ! નિશ્ચયની વાત સાંભળીને આત્માને જાણી લે. એટલે આત્માની વાત જાણવા માટે છે. પાપને કરવા માટે કહે કે કર્મ કરે છે, ઠીક છે. આ બધુ હિંસા, અહિંસાના ભાવ કર્મ કરે છે. અચ્છા! અમને છૂટ મળી ગઇ. કરો લહેર! વહેલા મરી જાઇશ. ભાઇ સાહેબનો પ્રશ્ન આવ્યો હતો. ભાઇ સાહેબ! તમે કહો છો કે જો એ બધા પરિણામ છે તે પુદ્‌ગલ કરે છે, કર્મ કરે છે. તો પાપ કરવા માટે છૂટ મળી ગઇ. નથી મળી. મરી જઇશ. તે ઉપર ઉપર ચડાવવાની વાત છે. નીચે નીચે

ઉતરવાની વાત નથી. જો સર્વજ્ઞભગવાન પુણ્યનો નિષેધ કરે અને પાપ કરવાનું કહે (એવું) કયારેય તેમની વાણીમાં આવતું નથી. આહાહા! એ કાચો પારો છે. લાયક જીવને પચશે. તેનું કામ થઇ જશે.

અને (એમ કહે કે) એ તો ચારિત્રનો દોષ છે એ તો ચારિત્રનો દોષ છે. સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, સમ્યક્ સન્મુખનું ઠેકાણું નથી, તત્ત્વના નિર્ણયના ઠેકાણા નથી, વ્યવહારની બુદ્ધિનું પણ ઠેકાણું નહીં. આહાહા! અને માને કે એ તો ચારિત્રનો દોષ છે. ભલે દોષ આવે. મરી જઇશ. કોઇ બચાવવાવાળું નથી. આહાહા! સંભાળીને આ તત્ત્વનો અભ્યાસ કરવો જોઇએ. અધ્યાત્મવિદ્યા ગંભીર છે. આ સિંહણનું દૂધ છે. સિંહણનું દૂધ સમજયા ને? માટીમાં નાખોને તો માટી ફાટી જાય છે. ઘડો ફાટી જાય છે. સિંહણનું દૂધ તો સોનાના પાત્રમાં, એટલે કે તે આત્માર્થી જીવ સોનાનું પાત્ર છે તેમાં ભેદજ્ઞાન જામે છે. ભાઇસાહેબનો પ્રશ્ન હતોને તેનો થોડો ખુલાસો કર્યો. આહાહા! સ્વચ્છંદ થવાની વાત નથી. પહેલાં સ્વચ્છંદ છોડી દે. આહાહા! અહીં સ્વચ્છંદીનું કામ નથી. આહાહા!

આચાર્યભગવાન કરુણા કરીને ફરમાવે છે, આ ભગવાન આત્મા શુદ્ધ છે. શુદ્ધ કેમ છે? કે અકર્તા છે. **સર્વકારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઉતરેલી**, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ, એવી પ્રક્રિયાથી **પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ**, અનુભૂતિ એટલે જ્ઞાનમય ભગવાનઆત્મા **તે અનુભૂતિમાત્રપણાને લીધે હું તો શુદ્ધ છું**. કોઇનો કર્તા નથી. અરે! ભેદનો જાણવાવાળો પણ હું નથી. હું તો અભેદને જાણવાવાળો છું. પણ અભેદ થઇને અભેદને જાણવાવાળો છું. અભેદને જાણવાવાળો પણ હું નથી. અભેદને જાણવાવાળો પણ હું નથી. અભેદ થઇને અભેદને જાણવાવાળો તે આત્મા છે.

મુમુક્ષુ :- અભેદને જાણવાવાળો કહીએ તો ભેદ પડે છે.

ઉત્તર :- ભેદ પડે છે. અભેદ થઇને અભેદ જણાય છે. અભેદ થઇને અભેદ જાણવામાં આવે છે. તેમાં અભેદ થઇ ગયો એવો ભેદ પણ ખ્યાલમાં આવતો નથી. એ તો અંદરમાં ગરકાવ થઇ જાય છે. ડૂબી જાય છે. આહાહા! એરકંડીશનમાં બેસી જાય છે. અંદર એરકંડીશન છે. ગરમી લાગતી નથી. ગરમી એટલે કષાય-વિકલ્પનું દુઃખ થતું નથી. અંદર એરકંડીશન છે. તે એરકંડીશન બહારની ચીજ નથી. **સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિમાત્રપણાને લીધે હું તો શુદ્ધ છું**, એમ અહીંયાં કહે છે કે આત્મા આત્માને જાણે છે તેટલો ભેદ હોવાથી (પણ) આત્માનો અનુભવ થતો નથી.

હવે શું કહે છે? આત્માને આત્મા વડે જાણવો, આત્મા માટે જાણવો તેમાં ભેદની ઉત્પત્તિ થાય છે. હવે ભેદ છોડાવવા માટે, ભેદ છોડાવવા માટે કે આત્મા આત્માને જાણે છે. તો બે આત્મા તો નથી. આત્મા તો (એક છે). હિંમતભાઇ! આત્મા તો એક છે. બે આત્મા તો છે નહી. આત્મા તો એક જ છે ને! તો આત્મા દ્વારા આત્માને જાણવો, આત્મા વડે આત્માને જાણવો તો બે આત્મા થઇ ગયા. એક તો રહ્યો નહીં. તો બે આત્મા ખ્યાલમાં આવવાથી અનુભૂતિ થતી નથી. તો હવે શું કરવું?

આપે જ બતાવ્યું કે આત્મા વડે આત્માને જાણો. તમે હમણાં કહો છો કે આત્માને નથી જાણતો. તો એ શું છે? નથી જાણતો? જુઓ! **નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો**. આહાહા! આ છેલ્લી કોટિની ઊંચામાં ઊંચી વાત છે અને શરૂઆતની વાત છે, ધર્મની શરૂઆત. સમ્યગ્દર્શન વખતે આ વિધિ હોય છે અને ચારિત્રમાં પણ એ જ વિધિ હોય છે. **નથી ચેતતો થકો ચેતતો**. નથી જાણતો થકો જાણતો. જાણતો થકો જાણતો કે નથી જાણતો

થકો જાણતો. કે નથી જાણતો થકો જાણતો.

તો શું જાણનક્રિયાનો અભાવ થઇ જશે. કે નહીં જાણનક્રિયા પ્રગટ થઇ જશે. જાણતો થકો જાણે છે તેમાં તો વિકલ્પની ઉત્પત્તિ થતી હતી. જ્ઞાનની ઉત્પત્તિ નહોતી થતી, અજ્ઞાનની ઉત્પત્તિ થતી હતી. હવે જ્યારે નથી કહ્યું તો વિકલ્પ તૂટી ગયો. બે આત્મા ન રહ્યા. એક આત્મા રહી ગયો. અભેદને અભેદ થઇને આત્મા જાણે છે. અભેદને અભેદથી નથી જાણતો, અભેદ થઇને જાણે છે. પરિણતિ અંદરમાં લીન થઇ જાય છે. તો **નથી ચેતતો થકો ચેતતો**, આ એવું છે કે ભાષામાં તો લીમીટ થઇ જાય. ભાષામાં વધારે આવી શકે નહીં. જેટલું આવી શકે એટલા શબ્દથી આચાર્યમહારાજ સમજાવે છે. તેનું જે વાચક છે તેનું વાચ્ય તત્વ ખ્યાલમાં લઇ લે તો તેનું કામ બની જાય.

કહેવાનો આશય શું છે કે ‘નથી’ શબ્દ આપે લગાવ્યો. તેમાં ભેદનો વિકલ્પ ઉત્પન્ન થતો હતો, એ વિકલ્પનો નાશ કરવા માટે ‘નથી’ શબ્દ જોડી દીધો. **નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો**, આહાહા! **નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો**, આહાહા! આત્મા આત્માને નથી જાણતો, આત્મા આત્માને જાણતો નથી તેમાં આત્મા જણાય જાય છે. આત્મા આત્માને જાણે છે તેમાં વિકલ્પ. ‘નથી’ શબ્દ લગાવ્યો તો ભેદનો વિકલ્પ છૂટી ગયો, અનુભૂતિ થઇ ગઇ. આહાહા! **પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું.** આહાહા!

હું કોણ છું? સર્વવિશુદ્ધ ચિન્માત્ર આત્મા હું છું. એવો વિકલ્પ નહીં, એવો અંદરમાં અનુભવ આવી જાય છે. અંદરનું પરિણમન થઇ જાય છે. એ ટીકા પૂરી થઇ ગઇ. હવે ભાવાર્થ. ભાવાર્થમાં પંડિતજી બહુ જ ખુલાસા કરે છે. સારો ભાવાર્થ છે. ભાવાર્થમાં થોડું સરળ હોય છે. ટીકામાં જરા હાર્ડ હોય છે. તેનું ડાયલ્યુશન કરીને જરા હળવી ભાષામાં સમજાવે છે.

**ભાવાર્થઃ- પ્રજ્ઞા વડે**, એટલે કે જ્ઞાન વડે, અતીન્દ્રિય જ્ઞાન વડે, અંતરમુખ જ્ઞાન વડે, **ભિન્ન કરવામાં આવેલો**, રાગથી ભિન્ન છું, એમ ભિન્ન અનુભવ કરવામાં, **જે ચેતક છે તે આ હું છું. જે ચેતક છે તે આ હું છું**. ચાર શબ્દ છે ને? **તે આ હું છું**. એ જ અક્ષર રાખ્યા. શબ્દ નહીં. અક્ષર. એક અક્ષર કેમ રાખ્યો? આત્મા એક છે. એકો હમ. આત્મા એક છે. તેથી એક અક્ષરથી ખ્યાલમાં આવે છે. શબ્દથી ખ્યાલમાં નથી આવતું. એક એકને પ્રસિદ્ધ કરે છે. એક એકને પ્રસિદ્ધ કરે છે. **તે આ**, પ્રત્યક્ષ **હું છું. તે આ હું છું**. ચાર અક્ષર થયા. ચતુર્થ ગુણસ્થાન આવી જાય છે. ચતુર્થ ગુણસ્થાન આવી જાય છે. **તે આ હું છું**. આહાહા!

**અને બાકીના જે ભાવો**, જે રાગાદિ ભાવો છે બધા સંકલ્પ-વિકલ્પની જાળ છે. **અને બાકીના ભાવો મારાથી પર છે.** મારાથી ભિન્ન છે. આહાહા! એક ચેતનારો તે હું અને બાકીના રાગાદિ ભાવો વ્યવહારનયના વિષયો એ મારાથી પર છે, ભિન્ન છે. **માટે (અભિન્ન છ કારકોથી)** ભિન્ન કારકથી નહીં. અભિન્ન ષટ્કારકથી **હું જ**, હું જ એ કર્તા. **હું જ** અર્થાત્ કર્તા, **મારા વડે જ**, એ કરણ વડે કરણ. **મારા માટે જ**, સંપ્રદાન. હું આત્માને જાણું છું. કોના માટે જાણું છું? મારા માટે જાણું છું. કે આત્માને સમાજ માટે જાણું છું? ધર્મ સમાજ માટે કરવો છે કે પોતા માટે? દેખાડવા માટે કરવો છે કે અનુભવવા માટે? કોઇ દેખતું નથી માટે મને કોઇ ધર્મી નહીં કહે. આહાહા! તને ધર્મ થવાનો જ નથી. કેમકે દેખાડવા માટે તું ધર્મ કરી રહ્યો છો તો જે દેખાય છે એ તો રાગ દેખાય છે. અને રાગ તો બંધનું કારણ છે, એમાં ધર્મ કયાં છે? દેહ, મન, વાણીની ક્રિયા એ તો જડની છે. અને તારી શુભભાવની

ક્રિયા એ તો આસ્રવની ક્રિયા છે. તારે એ દેખાડવું છે? એ તો ધર્મ જ નથી. જે પરિણામ બીજાને નથી દેખાતા એ ધર્મ છે. બીજાને પરિણામ દેખાય છે એ અધર્મ છે. વિમલાબેન! ખ્યાલમાં આવ્યું?

જે દેખવામાં આવે છે તે ધર્મ નથી. ધર્મ તો આત્મા આશ્રિત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ, વીતરાગી પરિણામ, અમૂર્તિક પરિણામ, અરૂપી પરિણામ છે. તે કોઇને જોવામાં આવતા નથી. આ ધર્મી આ ધર્મી આ ધર્મી એ બધા ગપ્પા મારે છે. ધર્મી છે એ તેને ભ્રાંતિ થઇ જાય છે. કેમકે બાહ્યનો ત્યાગ છે ને? ભલે કઠણ પડે તો પડે પણ દેવલાલીમાં તો ખુલ્લા સત્‌નો ઢંઢેરો પીટવો જોઇએ. બીજાને દેખવામાં આવે છે એ ધર્મ નથી. એ તો મૂર્તિક પર્યાય દેખવામાં આવે છે. અરે! સામેવાળાની પાસે ઇન્દ્રિયજ્ઞાન છે. અને ઇન્દ્રિયજ્ઞાનનો વિષય મૂર્તિક છે. અને મૂર્તિક પરિણામ જાણીને (કહે છે કે) ધર્મી છે ધર્મી છે. અરે! કર્મીને ધર્મી જાણવો તે પાપ છે. આહાહા! તો એ તો અરૂપી પર્યાય છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વીતરાગી પરિણામ, આનંદના પરિણામ એ તો અતીન્દ્રિય જ્ઞાનથી ગ્રાહ્ય છે. ઇન્દ્રિયજ્ઞાનથી ખબર પડતી નથી. ભાઇસાહેબ! શું નામ છે? ભૂલી ગયો. ગુણવંત! ગુણવંતભાઇ! આહાહા! અરે! કોઇ અલૌકિક વાત બહાર આવી ગઇ છે. ઓહોહો! જે શ્રીમદ્ રાજચંદ્રજીને સમયસાર સમ્યગ્દર્શનમાં નિમિત્ત થયું તે સમ્યગ્દર્શનનું કારણ છે. તેનો સ્વાધ્યાય ચાલે છે. જે શાસ્ત્રથી શ્રીમદ્‌જીને સમ્યગ્દર્શન થયું એ શાસ્ત્રથી શ્રીમદ્‌જી પછી કેટલાય જીવોને સમ્યગ્દર્શન થઇ ગયું. એકથી વધારેને એવું અપૂર્વ શાસ્ત્ર છે. તો કહે છે કે **મારા માટે જ**, ધર્મ કરવો છે તે કોના માટે? દેખાવ કરવા માટે? માન પત્ર માટે? આ ધર્મી છે ઢંઢેરો પીટે? આહાહા! ધર્મી તો ગૂપ ચૂપ કામ કરે છે કે અમને કોઇ દેખે નહીં, જાણે નહીં તો બહુ જ સારું. બોલો! **મારા માટે જ**. આ ધર્મ કરવો છે તે પોતાના માટે છે. કોઇને માટે નથી. **મારા માટે જ, મારામાંથી જ**, એ ધર્મના પરિણામ કોનામાંથી આવે છે? મારામાંથી જ આવે છે. શાસ્ત્રમાંથી નથી આવતા. અપાદાન કારણ પોતાનો આત્મા છે. નિમિત્તમાંથી ઉપાદાન આવતું નથી. અલૌકિક વાત છે. સમ્યગદર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ પ્રગટ થાય છે એ અપાદાન એટલે ધ્રુવ શક્તિ આત્મામાં છે. તો શક્તિની વ્યકિતનું નામ અપાદાન છે.

આત્મામાંથી એ પ્રગટ થાય છે. આનંદ આત્મામાંથી આવે છે. આનંદ બહારથી નથી આવતો. **મારામાંથી જ, મારામાં જ મને જ** આધાર છે. આત્માના આધારથી આત્માના પરિણામ થાય છે. પાંચમહાવ્રતના પરિણામના આધારથી આત્માના પરિણામ થતા નથી. નગ્નદશાથી મુનિદશા નથી. નગ્નદશા તે મુનિદશા નથી. શુદ્ધઉપયોગ મુનિદશા છે. નગ્ન તો બાહ્યના લક્ષણ અનાત્મભૂત લક્ષણ છે. આત્મભૂત લક્ષણ નથી. આત્મભૂત લક્ષણ શુદ્ધઉપયોગ આનંદનું ભોજન એ મુનિનું લક્ષણ છે.

**મારામાં જ, મને જ ગ્રહણ કરૂં છું**, આહાહા! મને જ હું તો જાણું છું. હું બીજાને જાણતો નથી. દેવ, ગુરૂ, શાસ્ત્રને જાણતો નથી. હું મને મારા વડે મને જ જાણું છું. જાણનારો જણાય છે. **ગ્રહણ કરૂં છું એટલે ચેતું છું.** ચેતું છું એટલે જાણું છું દેખું છું. કારણ કે ચેતવું, જાણવું, દેખવું તે જ આત્માની એક ક્રિયા છે. એક જાણવાની ક્રિયા અને એક શુભભાવની ક્રિયા એ બે ક્રિયા આત્માની નથી. જાણવાની ક્રિયા આત્માની છે અને શુભરાગની ક્રિયા કર્મની છે. જીવ જાણનાર છે, પુદ્‌ગલ કરનાર છે. આત્મા કરનાર નથી. ભાઇસાહેબ! આ વાત એવી છે.

**કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.** જાણવું-દેખવું આત્માને-આત્માને જાણવું-દેખવું એ જ આત્માની એક ક્રિયા છે. આત્માને જાણવાથી વીતરાગભાવ સહજ પ્રગટ થઇ જાય છે. **માટે હું ચેતું જ છું,**

**ચેતનારો જ, ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું.** જાણનારને જાણું છું, દેખનારને દેખું છું. ચેતનારને ચેતું છું. **અથવા**...જુઓ! **અથવા દ્રવ્યદષ્ટિએ તો-છ કારકોના ભેદ પણ મારામાં નથી.** કર્તા, કર્મ, ક્રિયા આદિના ભેદો મારામાં નથી. કેમકે હું નિષ્ક્રિય પરમાત્મા છું માટે મારામાં ક્રિયાના ભેદો નથી. **હું તો શુદ્ધ ચૈતન્યમાત્રભાવ છું.-આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.** એ ભાવાર્થ પૂરો થઇ ગયો. એક વજનીય વાત સારી નીકળી હતી. મીઠાભાઇ ચાલ્યા ગયા હતા. પછી નીકળી ને? મીઠાભાઇ ચાલ્યા ગયા પછી નીકળી. તો એક વાત એકાએક એવી નીકળી કે માટી કરનાર છે. એ તો બરાબર ને? ગુજરાતી સમજમાં આવી ગયું? માટી કરનાર છે, અજ્ઞાની માનનાર છે અને જ્ઞાની જાણનાર છે. શું કહ્યું? માટી કરનાર છે. અજ્ઞાની કહે છે કે હું કરનાર છું એમ માને છે. માનનાર છે. માટી ઘડાને કરે છે. કુંભારની હાજરી છે તો કુંભારની દષ્ટિ માટી પર છે. તો એ કહે છે કે મેં ઘડો કર્યો. અજ્ઞાની માનનાર છે. કરનાર નથી. કરનાર તો માટી છે. ઘટની કરનાર તો માટી છે. પણ અજ્ઞાની માનનાર છે. માનનાર એટલે કરનાર નહીં. ઘડાને કરનાર અજ્ઞાની નથી. એક એક વાત રહસ્યવાળી છે. માટી કરનાર છે. અજ્ઞાની માનનાર છે કે મેં ઘડો કર્યો, એમ માને છે. ઘડાને કરવાવાળો અજ્ઞાની નથી. તું કહે કે જો માટી કરવાવાળી છે તેને આત્મા પણ કરે અને માટી પણ કરે તો એક ઘટની પર્યાયના બે કર્તા હોતા નથી. એ અજ્ઞાની છે.

સર્વજ્ઞ ભગવાનના મતથી બહાર છે. માને છે કે હું ઘડાની પર્યાયને કરવાવાળો છું. એવી માન્યતા છે, એ માન્યતા તો તેના સ્વચતુષ્ટયમાં રહી ગઇ. તેની માન્યતા તેની ક્રિયામાં જાતી નથી. એ કરવાવાળી તો માટી છે. માટી કરનાર છે, અજ્ઞાની માનનાર છે. પટેલભાઇ! અજ્ઞાની એમ માનનાર છે કે હું કરું છું. ધીરૂભાઇ! આ મકાનનું કામ બિલ્ડીંગનું કામ મેં કર્યું! હરામ! આપે કર્યું હોય તો! હરામ છે હો! કરવું હરામ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકતો નથી. માટી કરનાર છે, અજ્ઞાની માનનાર છે કે હું ઘડાને કરૂં છું. અને જ્ઞાની જાણનાર છે. અથવા જે જાણનાર છે તે જ્ઞાની થાય છે અને માને છે તે અજ્ઞાની રહી જાય છે. સંસાર ચાર ગતિમાં રખડે છે. આ તો દષ્ટાંત નોકર્મનું આપ્યું. માટી નોકર્મ છે બહારનું પદાર્થ .. હવે એ વાત આપણે સિદ્ધાંતમાં ઉતારવી છે. હિન્દીમાં ચાલે છે, ઠીક ને? હવે સિદ્ધાંતમાં ઉતારવું છે.

કર્મ કરનાર છે, અજ્ઞાની માનનાર છે, જ્ઞાની જાણનાર છે. માટીની જગ્યાએ કર્મ રાખ્યા. કર્મ એટલે દ્રવ્યકર્મ. દર્શનમોહ, ચારિત્રમોહ બે પ્રકારના કર્મ છે. ‘કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્યે આઠ, તેમાં મુખ્યે મોહનીય હણાય તે કહું પાઠ' શ્રીમદ્જીનું આ વાકય છે. આઠ પ્રકારના કર્મ છે. એમ કર્મ કરનાર છે. કર્મ એટલે દ્રવ્યકર્મ, રાગાદિને કરવાવાળા જડકર્મ છે. જેમ માટીથી ઘડાની ઉત્પત્તિ થાય છે એમ જડકર્મથી રાગની ઉત્પત્તિ થાય છે. એ પૂજાનો ભાવ થાય છે ને? તેને ભકિતનો રાગ થાય છે ને? તેને કરવાવાળા કર્મ છે. જીવ કરવાવાળો નથી હાયહાય! અમારી પૂજા ચાલી જાશે, ભકિત ચાલી જાશે, બધું ચાલ્યું જાશે. વ્યવહારનો લોપ થઇ જાશે. અરે! વ્યવહારનો લોપ થવાથી નિશ્ચયની પ્રાપ્તિ થઇ જાશે. પરમાત્મા થઇ જાઇશ. સાંભળ તો ખરો તું!

કર્મ કરવાવાળા છે, અજ્ઞાની માનવાવાળા છે અને જ્ઞાની જાણવાવાળા છે. કર્મ એટલે દ્રવ્યકર્મ. તે રાગની રચના કરે છે. વ્યાપ્ય-વ્યાપક સંબંધ તત્સ્વરૂપમાં છે, કર્તા-કર્મ સંબંધ તત્સ્વરૂપમાં છે. અનંતકાળથી

માની રાખ્યું છે કે રાગને કરવાવાળો હું છું. રાગનો કરવાવાળો આત્મા નથી. રાગને કરવાવાળા કર્મ છે અને માનવાવાળા અજ્ઞાની છે. કરવાવાળા નથી. રાગને કરવાવાળા હોય તો તો સમ્યગ્દષ્ટિ થઇ જાય. રાગને કરવાવાળા બીજા છે, માને છે કે હું કરવાવાળો છું, એટલે મિથ્યાદષ્ટિ છે.

તો હવે કર્તાબુધ્ધિ છોડી દે. હું તો જાણનાર છું. રાગને કરવાવાળા કર્મ છે. રાગી તો પુદ્ગલ છે. જવાહરભાઇ! રાગી તો પુદ્ગલ છે. તો રાગને કોણ કરે? રાગી જો પુદ્ગલ હોય તો રાગને કોણ કરે? જીવ કરે કે પુદ્ગલ?

મુમુક્ષુ :- પુદ્ગલ કરે.

ભાઇ :- અચ્છા! જીવ કરતો નથી. કયારે?

મુમુક્ષુ :- કયારેય નહીં.

ભાઇ :- સમ્યગ્જ્ઞાન થયા પછી?

મુમુક્ષુ :- કયારેય નહીં.

ભાઇ :- અજ્ઞાની છે ત્યાં સુધી તો રાગને કરે છે કે નહીં?

મુમુક્ષુ :- રાગને કરતો જ નથી.

ભાઇ :- કરતો નથી, કરું છું એમ માને છે. કર્તા તો થઇ શકતો નથી. જો કર્તા થાય તો જડ થઇ જાય. તો પાંચ દ્રવ્ય થઇ જાય. છ દ્રવ્ય રહેતા નથી. આહા! માને છે અજ્ઞાની. માને છે કે હું રાગને કરવાવાળો છું. કરવાવાળો બીજો હોવા છતાં પણ દષ્ટિ દ્રવ્ય પર નથી. સંયોગ પર દષ્ટિ છે, સ્વભાવ પર દષ્ટિ નથી, પર્યાય પર દષ્ટિ છે, જ્ઞાયક પર દષ્ટિ નથી ત્યાં સુધી તે માને છે કે રાગને કરવાવાળો હું છું. એ તો અજ્ઞાન છે. તેમાં કાંઇ છે નહીં.

અને જ્ઞાનીનો યોગ મળે કે-કર્મ કરવાવાળા છે જ્ઞાની જાણવાવાળા છે. અરે! હું તો જાણનાર છું. હું કરનાર નથી. તો દષ્ટિ પર ઉપરથી ખસીને અંદરમાં આવી જાય છે. હું તો ચેતનાર છું, હું તો દેખનાર છું, જાણનાર છું. જાણનારને જાણું છું. જે જણાય છે તેને નથી જાણતો. રાગ જણાય જાય છે, રાગને જાણતો નથી. હું તો જાણનારને જાણું છું, તો રાગ ઉપરથી દષ્ટિ ખસીને આત્મામાં આવી જાય છે તો સાક્ષાત આત્માના દર્શન થાય છે, અનુભવ થાય છે. તેનું નામ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીડી છે. વખત થઇ ગયો.